# 'શીક્ષણની ભવાઈ'

-- તુલસીભાઈ પટેલ

### ૧. નથી... અને...છે !.. ◆પાનઃ ૨૧◆

નવીનભાઈ સન્નીષ્ઠ અને ભાવનાશાળી શીક્ષક છે. શાળાના મકાનનાં પતરાં કટાઈ સડી ગયાં છે. ચોમાસું નજીક આવ્યું છે. વરસાદમાં નાનાં ભુલકાં પલળશે; ને ભણતર બગડશે. નવીનભાઈ ચીંતાગ્રસ્ત છે.

ધનપતરાય શેઠ સુખી છે. એ જો થોડો ટેકો કરે તો નવાં પતરાં નાખી શકાય; ને ભુલકાંનો અને ભણતરનો પ્રશ્ન ઉકલી જાય.

નવીનભાઈ શેઠશ્રીને મળ્યા. ભુલકાંની તકલીફ વીશે વીગતે અને વ્યવસ્થીત રજુઆત કરી; ને મદદ માટે નમ્રતાપુર્વક માગણીય મુકી.

'જુઓ માસ્તર, તમે જાણો છો કે ધંધામાં આજકાલ ખુબ મંદી ચાલે છે. કમાણી કશી નથી અને ખરચા ચાલુ છે. માફ કરશો.' વાત પુરી..

થોડી વાર પછી મંદીરના મહંત પધાર્યા. એમણે શેઠને વાત કરીઃ ' શેઠ ! ચોમાસુ આવે છે, માથે મેઘ ગાજી રહ્યો છે. મંદીરની છત ચુએ છે. ભગવાન પલળશે. શું કરવું?'

'ચીંતા શીદ કરો છો, મહારાજ ! ભગવાન પલળે તે તો આપણા માટે શરમની વાત કહેવાય. લખો આપણા દસ હજાર. આ વરસે ભગવાનની ખુબ મે'રબાની છે. ધંધામાં સારી બરકત છે.' પાનઃ ૨૧◆

### ૨. ખોટુ તે થતું હશે !.. ◆ પાન : ૨૫ ◆

સવીતાબહેન પ્રાથમીક શાળામાં શીક્ષીકા છે. તેઓ વાર્ષીક પરીક્ષાની જવાબવહીઓ તપાસી રહ્યાં હતાં. હાથમાં પેન્સીલ અને ઈરેઝર લઈને.

મેં જોયું કે સવીતાબહેન ક્યારેક વીદ્યાર્થીએ લખેલા જવાબો ઈરેઝરથી ભુંસી નાખતાં ને પેન્સીલ વડે ફરી સુધારીને જવાબો લખતાં હતાં.

મેં પુછ્યું : 'સવીતાબહેન, તમે આ શું કરો છો?'

'ખોટો જવાબ ભુંસીને સાચો લખું છું.'

'પણ એવું શા માટે કરો છો?'

'શું છે કે, 'લઘુત્તમ અધ્યયન ક્ષમતા યોજના' મુજબ એંસી ટકા રીઝલ્ટ તો આવવું જ જોઈએ. એટલા માટે આવું કરું છું.'

'પણ ભુંસવા-લખવાની બેવડી મજુરી કરવાને બદલે સીધા માર્ક્સ જ મુકી દેતાં હો તો?'

'હાય હાય ! એવું ખોટું તે થતું હશે?' સવીતાબહેનના મોંઢામાંથી આશ્ચર્યથી જીભ બહાર નીકળી ગઈ !

### ૩. ઉંટે કર્યા ઢેકા તો... ◆પાન : ૧૩ ◆

ચારે બાજુથી વીરોધ-વંટોળ ઉભો થયો : 'શીક્ષકોની ભરતીમાં પૈસા લેવાય છે.'

અખબારોમાં ચર્ચાપત્રો આવવા લાગ્યા. સામયીકોમાં લેખો આવવા લાગ્યા. કેળવણીકારો તારસ્વરે ભાષણો કરવા લાગ્યા કે, 'શીક્ષણનું પવીત્ર ક્ષેત્ર પણ હવે ભ્રષ્ટ થઈ ગયું છે. ધોળે દહાડે સરસ્વતીની લાજ લુંટાઈ રહી છે.

'હવે તો સરકારે જાગવું જ જોઈએ. બીજે બધે તો ઠીક શીક્ષણ જેવા પવીત્ર ક્ષેત્રમાં તો આ ભ્રષ્ટાચાર ન જ ચાલવો જોઈએ.'

છેવટે સરકાર જાગી. ફરમાન કાઢ્યું : 'શીક્ષકની ભરતીમાં પાઈ પણ લીધી નથી એવો લીખીત પુરાવો હવેથી દરેક નીમણુંક બાદ સંચાલકોએ રજુ કરવો.'

લક્ષ્મીશંકરના ‘શારદા વીદ્યામંદીર’માં શીક્ષક થવા માટે સુમનભાઈએ એક લાખ પુરા આપવા પડ્યા. નીમણુંકપત્ર આપતાં પહેલાં લક્ષ્મીદાસે સુમનભાઈને કહ્યું, ‘આ લખાણ નીચે તમારી સહી કરી આપો તો..’

લખાણનો સાર આ પ્રમાણે હતો : ‘હું સોગંદપુર્વક જણાવું છું કે, મારી આ નીમણુંક બદલ મારે એક પાઈ પણ આપવી પડી નથી. એ બદલ સન્નીષ્ઠ અને પ્રામાણીક સંચાલકશ્રી.નો હૃદયપુર્વક હું આભાર માનું છું.’

સુમનભાઈના ચહેરા પરનું આશ્ચર્ય વાંચી લક્ષ્મીદાસે કહ્યું, ‘ભાઈ, વીચારમાં કેમ પડી ગયા? આપણે સરકારી ખાતાની ફોર્માલીટીઝ-જરુરીયાતો તો પુરી કરવી જ પડે ને?’

સુમનભાઈએ આંખો મીંચીને મતું મારી દીધું !

## ૪. શાંતીલાલની સેવા(વી)ભાવના ◆પાન : ૨૮◆

શ્રીમાન શાંતીલાલ એટલે સન્નીષ્ઠ અને સેવાભાવી પ્રાધ્યાપક.

ચારેક વરસ પહેલાં તેઓ ‘સ્વામી શ્રી સેવાનંદ શીક્ષણ મહાવીદ્યાલય’માંથી નીવૃત્ત થયા. નીવૃત્તી બાદ એમની કદી મુલાકાત થઈ નહોતી.

પરંતુ આજ અચાનક જ કૉલેજના ગ્રંથાલયમાં તેઓ દૃશ્યમાન થયા. ટેબલ ઉપર પાંચ-છ થોથાં પસારીને તેઓ નોટમાં કંઈક ઉતારા કરી રહ્યા હતા.

‘અહો શાંતીભાઈ, ઘણા વખતે મળ્યા ! પણ નીવૃત્તી પછી આ શી માથાફોડ કરી રહ્યા છો? શું કરી રહ્યા છો આજકાલ?’

‘જુઓ નીવૃત્ત ભલે થયા; પણ શીક્ષણ-જગતની સેવા ચાલુ જ છે. સાચો અધ્યાપક કદી નીવૃત્ત થાય ખરો?’

‘વાહ ! શી સેવા કરી રહ્યા છો?’

‘પીએચ.ડી. માટે થીસીસ લખી રહ્યો છું. આ રીતે ત્રણેક જણને પીએચ.ડી. બનાવી દીધા. અત્યારે આ ચોથો થીસીસ લખી રહ્યો છું. એ માટે થોડાં થોથાંની જરુર પડી એટલે આ લાયબ્રેરી સુધી લાંબા થવું પડ્યું.’

‘ પણ આવી સેવા શીદ કરો છો?’

‘કેમ ! એમાં બીચારા વીદ્યાર્થીને ડીગ્રી મળે છે. આ ડીગ્રી મળતાં તેમની પદોન્નતી થાય અને સાથે આપણું બૅન્ક-બૅલેન્સ પણ થોડું વધે છે. બન્નેનું કામ થાય. શીક્ષણની સેવાનું પુણ્ય મળે તે નફામાં !’

શાંતીભાઈની સેવા-વીભાવના જાણી મને ચક્કર આવવા લાગ્યા.

## ૫. લાગવગ ◆પાન : ૨૯◆

ઓસરીમાં બેસીને હું કૉલેજના છેલ્લા વરસની ઉત્તરવહીઓ તપાસી રહ્યો હતો. એવામાં કારનું હૉર્ન સંભળાયું.

અવાજની દીશામાં મેં નજર કરી. કારમાંથી એક પ્રૌઢ વડીલ ઉતર્યા; ને મારી પાસે આવ્યા. ‘આવો, પધારો,’ પેપરનું બંડલ બાજુએ મુકી મેં આવકાર આપતાં કહ્યું.

‘આપનો પરીચય? હું આપની શી સેવા કરી શકું?’ મેં વીવેક કર્યો.

વડીલે ઝભ્ભાના ખીસામાંથી એક કાપલી કાઢી; ને કહ્યું, ‘આ મારી દીકરીનો નંબર છે…’

હું સમજી ગયો. મેં કહ્યું, ‘જુઓ વડીલ ! પાસ થવામાં બે-ચાર માર્ક્સ ખુટતા હશે તો ઉમેરીશ. હું એવો જડ નથી. બાકી માફ કરશો.’

‘પણ મારી વાત પુરી સાંભળો તો ખરા, સાહેબ !’ વડીલે આજીજીપુર્વક કહ્યું : હું દીકરીને પાસ કરાવવાની લાગવગ કરવા માટે નથી આવ્યો,’

'તો આ નંબરનું શું કામ છે?' મેં જીજ્ઞાસા વ્યક્ત કરી.

'અમારા સમાજમાં મુરતીયાની ભારે તકલીફ છે. મહામુસીબતે મારી દીકરીની સગાઈ એક મોભાવાળા કુટુંબમાં થઈ છે. છોકરો કૉલેજના છેલ્લા વરસમાં હતો. ગયા વરસે એ નાપાસ થયો. હવે આગળ ભણતો નથી. મારી દીકરી જો છેલ્લા વરસમાં પાસ થાય તો....' આટલું કહી વડીલ અટક્યા.

'તો શું?' મેં પૃચ્છા કરી.

' તો...દીકરીની સગાઈ તુટી જાય.' માથે પહાડ તુટી પડ્યો હોય એવા ચીંતાતુર સ્વરે વડીલ બોલ્યા.

'પણ એમાં હું શું કરી શકું?' સહાનુભુતીપુર્વક મેં પુછ્યું.

'તમારે અમારા પર દયા કરવાની છે... દીકરીને નાપાસ કરવાની છે.'

સાંભળીને મને તમ્મર આવી ગયા.

### ૬. સત્યનારાયણની કથા ◆પાન :૩૨ ◆

સાંજના સમયે હું ફરવા નીકળ્યો હતો. સામેથી સતીષભાઈ મળ્યા. એમના હાથમાં પુજાની સામગ્રી, કેળનાં પાન વગેરે હતાં. હું કંઈ પુછું તે પહેલાં જ તેમણે રહસ્ય જણાવ્યું :

' આજે રાત્રે આપણે ત્યાં સત્યનારાયણની કથા છે. આપ અવશ્ય પધારજો.'

'કથાનું પ્રયોજન?'

'તમને ખબર નથી? મારો દીકરો ફાઈનલ બી.એ.ની પરીક્ષામાં ચોરી કરતાં અચાનક સ્ક્વૉર્ડના હાથે ઝડપાયો હતો.'

'હા, પણ એનું શું છે?'

'પછી એ કેસ 'પરીક્ષાશુદ્ધી સમીતી' સમક્ષ ગયો. દીકરો નીર્દોષ છુટે એ માટે સત્યનારાયણની કથા માની હતી. શુદ્ધી સમીતીને થોડું નૈવેદ્ય તો ધરાવવું પડ્યું; પણ છેવટે તો આપણી માનતા ફળી ખરી. દીકરો નીર્દોષ છુટ્યો. એટલે આજે રાત્રે સત્યનારાયણની કથા રાખી છે.

મને અંધારાં આવવા લાગ્યાં.

### ૭. શીક્ષણની ભવાઈ ◆પાન : ૩૮◆

આ વરસે કૉલેજના છેલ્લા વરસમાં ગુજરાતી મુખ્ય વીષયમાં પન્નાલાલ પટેલની જાણીતી નવલકથા 'માનવીની ભવાઈ' ટેક્સ્ટ બુક તરીકે આવી.

ગુજરાતીના વીદ્વાન અધ્યાપક શ્રી સુશીલ દવે સ્ટાફ-રુમમાં હતા ત્યાં એક વીદ્યાર્થી આવ્યો.

વીદ્યાર્થીએ મુંઝવણ વ્યક્ત કરી : 'સર, 'માનવીની ભવાઈ' કયા લેખકની સારી આવે છે? મારે ખરીદવી છે.'

અધ્યાપક તો વીચારમાં પડી ગયા ! પરંતુ જવાબ આપવાને બદલે તેમણે સામો સવાલ કર્યો, 'પન્નાલાલ પટેલ સીવાય બીજા કોઈ લેખકની આવતી હોય તો મને બતાવો.'

વીદ્યાર્થીએ અધ્યાપક સમક્ષ 'માનવીની ભવાઈ' સબબ ત્રણ પુસ્તકો(અલબત્ત, ગાઈડ !) પટક્યાં : લેખક 'પરીખ-ઝાલા', 'શાહ અને દેસાઈ' અને 'પટેલ-ત્રીવેદી-પંડ્યા' !

અધ્યાપક દવેએ શીક્ષણની આ 'ભવાઈ' નજર સામે ભજવાતી જોઈને કપાળ કુટ્યું !

### ૮. જોડણીનો જુલમ ◆પાન : ૩૯◆

પ્રીતી મૅડમ શુદ્ધ જોડણીનાં અતી આગ્રહી. એમનો આ આગ્રહ અસાધ્ય રોગની કક્ષા વટાવી ગયો હતો. 'કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધીકાર નથી' એ સુત્ર તેઓ દીવસમાં દસ વાર સહુને સંભળાવતાં હતાં.

સાતમા ધોરણના વીદ્યાર્થીઓને પ્રીતી મૅડમે નીબંધ લખવા માટે આપ્યો : 'ચાંદની રાતે નૌકાવીહાર'.

અમીત ખુબ તેજસ્વી વીદ્યાર્થી. કલ્પનાશક્તી અને સર્જકતા એનામાં ભારોભાર ! ભાવપ્રધાન કે કલ્પનાપ્રધાન વીષયો પર એની કલમ સડસડાટ ચાલે.. જાણે ઉડે..! એને વીષય ગમ્યો. એણે દીલ ખોલી એવો નીબંધ લખ્યો કે વાંચનારના મોંમાંથી ઉદ્ગાર સરી પડે કે 'વાહ, વાહ' ! નીબંધમાં તેને દસમાંથી આઠ ગુણ તો મળશે એવો એને પાકો વીશ્વાસ.

પરંતુ પ્રીતી મેડમે નીબંધની નોટ તપાસીને પરત કરી ત્યારે એણે જોયું કે મેડમે લાલ પેનથી કેટલાય શબ્દો પર છેકા માર્યા છે. આખું પાનું લાલ રંગથી રંગાઈ ગયું છે. દસમાંથી તેને મસમોટું મીંડું 'ઝીરો' ગુણ મળ્યા છે ! અમીતને પરીણામ જાણી આઘાત લાગ્યો.

ઝીરો ગુણનું રહસ્ય જાણવા માટે એ મેડમને મળ્યો. મેડમે નીબંધ બતાવી ગુસ્સામાં કહ્યું, 'જોડણીનું કંઈ ભાનબાન છે? હ્રસ્વ-દીર્ઘ ઈ-ઉમાં બધે ઉલટી જ જોડણી કરી છે ! કુલ ચૌદ જોડણી ભુલો છે. એક ભુલનો એક માર્ક કાપીએ તો ચૌદ માર્ક્સ કાપવાના થાય !'

'પણ મેડમ નીબંધની મેટરનું શું?'

'મેટરમાં મુકો પુળો ! પહેલાં જોડણી સુધારો. આવા જ રહેશો તો પાંચ વરસેય પાસ નહીં થાઓ.'

જોડણીના જુલમથી અમીત ડીપ્રેશનમાં આવી ગયો. એણે વીચાર્યું : બધે જ હ્રસ્વ અથવા બધે જ દીર્ઘ કર્યું હોત તો અડધી ભુલો તો ઓછી થઈ જાત !

--તુલસીભાઈ પટેલ

**'ઉંઝાજોડણી'**માં પ્રકાશીત અને **રામજીભાઈ** અને **સરોજબહેન**ને અર્પીત લેખકના પુસ્તક **'શીક્ષણની ભવાઈ'** (પ્રકાશક : લેખક પોતે, પ્રકાશન વર્ષ : ૨૦૦૬, પૃષ્ઠ : ૪૮, મુલ્ય : પચીસ રુપીયા)માંથી સાભાર..

સંપર્ક : ૧-ઉદયનગર સોસાયટી, **મહેસાણા**-૩૮૪ ૦૦૨
**ફોન** : ૦૨૭૬૨-૨૫૨ ૬૨૪ --**મોબાઈલ ફોન** : ૯૯૯૮૦ ૮૯૬૩૩



## લેખક-પરીચય

સને ૧૯૩૯માં મણુંદ(તા. પાટણ)માં જન્મેલા **પ્રા. તુલસીભાઈ પટેલે**, હીન્દી સાથે એમ.એ.માં પ્રથમ રહી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. ૧૯૬૧થી '૯૪ ગુજરાતની વીવીધ કૉલેજોમાં હીંદીના પ્રાધ્યાપક તરીકે સેવા આપી નીવૃત્ત થયા. પણ સાચો શીક્ષક કદી નીવૃત્ત થાય ખરો? વાચન, ચીંતન અને લેખન, રેશનાલીઝમ અને સર્વોદયના વીચાર પ્રત્યેનું અદમ્ય આકર્ષણ, પ્રવાસનો શોખ એમને ક્યાં જંપવા દે ! પચીસેક પુસ્તકોના આ સર્જકનું અમેરીકાના પ્રવાસ બાદ લખાયેલું પુસ્તક **'વાહ રે**

**અમેરીકા'** ખાસ્સું આવકાર પામ્યું છે. કશાય વળગણો કે આગ્રહોથી અળગા રહી કેવળ માનવતાને જ ધર્મ માનતા આ લેખક વીચાર અને આચાર બન્નેમાં એક રુપતાને મહત્ત્વ આપે છે. હાલની સમગ્ર શીક્ષણક્ષેત્રની દશા તેમને સદા અજંપ રાખે છે. સરળ અને સ્પષ્ટ વીચાર અને ભાષા તથા માર્મીક વીનોદ એ એમની શૈલીની વીશેષતા છે..

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

### લેખકનો નીખાલસ એકરાર

'ઉત્તમ કામ પણ જ્યારે રેઢીયાળ રીતે થાય ત્યારે આપણે કહીએ છીએ : 'ભવાઈ થઈ !' શીક્ષણ જેવા ઉમદા કાર્યને આજે આપણે ટુંકી સ્વાર્થ-બુદ્ધી દ્વારા ભવાઈ બનાવી દીધેલ છે. શીક્ષણ અને સાહીત્યને હું ખુબ ચાહું છું; તેથી એમાં પ્રવર્તતી વીસંગતીઓ પ્રત્યે ખુબ અકળામણ અનુભવું છું....

'આ પુસ્તીકા 'ઉંઝાજોડણી'-એક જ 'ઈ-ઉ'-માં પ્રકાશીત કરી છે. મેં પ્રચલીત જોડણી અને ઉંઝાજોડણીની તટસ્થ તુલના કરી છે. ઉંઝાજોડણીને વધારે ગુણ મળે છે; તેથી હું એનું સમર્થન કરું છું. મારા મોટા ભાગના વડીલ વીદ્વાનો અને ગુરુજનો પ્રચલીત જોડણીમાં માને છે. હું એમનો ક્ષમા પ્રાર્થી છું.

'આ લઘુકથાઓ કળાની દૃષ્ટીએ નબળી હશે; પરંતુ ઉદ્દેશની દૃષ્ટીએ સબળ છે...'

(લેખકની પુસ્તીકા 'શીક્ષણની ભવાઈ'ના પ્રાસ્તાવીકમાંથી સાભાર.. સપ્ટેમ્બર ૫, ૨૦૦૬)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **115** -- **August 19, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,10,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6000** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ... સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **115** -- **August 19, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆ ◆●◆ ◆●◆

## • મધુરેણ સમાપયેત્ •




Why " ક " for "કલમ" and "ખ" for "ખડીઓ"? Why not " ક " for " Kareena " and "ખ" for " Khyatee " ? I like Kareena and Khyatee better!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **115** -- **August 19, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com


◆●◆ ◆●◆ ◆●◆